





ખેડૂતોનાં ભાગ્યનું ખાઇને કૂટવા બેઠા છે!
ને ખાણો ખોદીને ભારતને ખોદવા બેઠા છે!
છૂટવા બેઠા છે, તપાસ સોંપી થાય નિશ્ચિંત -
ગેહલોત હોય કે પવાર, લૂંટવા બેઠા છે..

પીએસી હોય,
કે કૂટે માથાં કેગ -
પાડા ની પીઠે..

સૂણે ન સૂણે -
બોલ'વા' અભરખો -
હું તો બોલીશ...




## ચિંતન

આરંભે ગુર્વી ક્ષયિણી ક્રમેણ લધ્વીપુરા વૃદ્ધિમતી ચ પશ્ચાતાપ ।
દિનસ્ય પૂર્વાર્ધપરાર્ધ ભિન્ના છાયેવ મૈત્રી ખલ-સજ્જનાનામ્ ॥

આ શ્લોકમાં લુચ્ચા-દુર્જન લોકો અને સારાં-સજ્જનોની મૈત્રી કેવી હોય એની સરખામણી કરવામાં આવી છે :

'દુર્જનોની મૈત્રી શરૂઆતમાં ખૂબ જ ગાઢ અને જાણી અતિ-નિકટનાં મિત્ર હોય એવી લાગે છે પણ (સ્વાર્થ સરી જાય પછી) ધીમે ધીમે મૈત્રી શરૂઆતમાં અંતર રાખતા હોય એવું જણાય પણ (માણસનો પરિચય-સ્વભાવ જાણ્યા પછી) ધીમે ધીમે સંબંધો-મૈત્રી ગાઢ થતી જાય છે.'

દુર્જન-લુચ્ચા કપટી લોકો હંમેશાં પ્રથમ પોતાનો સ્વાર્થ જ નજરમાં રાખતા હોય છે એને એમ જણાય આ માણસ સારા હોદ્દા પર છે, પ્રતિષ્ઠિત છે એની દરેક જગ્યાએ પોંચ છે એને કારણે આપણને પણ 'પુશ' મળશે - બે માણસ ઓળખતા થશે કોઇ પણ કામ કઢાવવામાં એ કે એની મદદ, સહાયભૂત થશે એમ જાણી 'મૈત્રી' ગાઢ હોવાનો દેખાવ કરે છે પણ સ્વાર્થ સરી જતાં ગાઢતાનું પ્રમાણ પાંખું પડી જાય છે.

પરંતુ સજ્જન લોકો હંમેશાં બધાંથી 'લટકતી' સલામ રાખતા હોય છે. જ્યારે સંપૂર્ણ ખાતરી થઇ જાય કે આ વ્યક્તિ-પરિવાર નિર્દોષ, શુદ્ધ-પ્રેમી, અપેક્ષા રહિત સંબંધો રાખનારો, નિખલાસ અને સ્પષ્ટવક્તા છે તે પછી સજ્જન લોકો ધીમે ધીમે, ફૂંકી-ફૂંકી સંબંધો વધારવા પ્રયત્ન કરે છે.

આમ અહીં દુર્જન-સજ્જનની મૈત્રીની રીત દર્શાવી છે.

## સુવિચાર

- કર્મ, જ્ઞાન અને ભક્તિનું જેમાં ઐક્ય હોય તે જ સાચો પુરૂષાર્થ - **મહર્ષિ અરવિંદ**
- અનંત ઉત્સાહ, અથાક પરિશ્રણ, અને તીવ્ર ધગશ એ જ સાચું જીવન- **સ્વામી ચૈતન્ય**
- પ્રામાણિક પરિશ્રમથી ચહેરા પર પ્રસન્નતાની ચમક આવી જાય છે - **થોમસ ડેક્કર**
- પ્રતિકુળ પરિસ્થિતિઓમાં પ્રયત્ન દ્વારા વિજય પ્રાપ્ત કરવો એનું નામ પુરૂષાર્થ - **રણછોડદાસજી મહારાજ**
- સદ્ભાગ્ય, નશીબ હંમેશાં 'પુરૂષાર્થ' ને જ મદદ કરે છે - **ગોલ્ડ સ્મિથ**
- જગતમાં મહેનત વગર કંઇ જ મળતું નથી, કદાચ મળી પણ જાય તો તે ટકતું નથી - **એસ. ભટાચાર્ય**

## બોધ કથા

'પુત્રના લક્ષણ પારણાં માંથી' 'એક માતા સો શિક્ષકની ગરજ સારે' આ બંને કહેતી-સૂત્રોનું સંકલન-સમન્વય એક જ જીવન ચરિત્રમાં ચિત્રિત થયાં હોય એવું એક દૃષ્ટાંત, આજની બોધ કથા :

અમેરિકાના મીશીગન રાજયનાં એક નાનાં શહેરમાં રેલ્વે સ્ટેશન પર એક વિધવા માતા પોતાના તરૂણ પુત્રની મદદથી ફળો વેંચવાની લારી ચલાવતી હતી. પુત્ર બૂમો પાડી આગ્રહ પૂર્વક રાહદારીને ફળોના ભાવ અને સ્વાદ કહી ફળો ખરીદવા આગ્રહ ભરી વિનંતી કરતો અને પરિણામે રાહદારી ફળો ખરીદવા પ્રેરાતો. આ આવકમાંથી માતા-પુત્રનું ગુજરાન ચાલતું.

આ બાળકને નેતાઓનાં ભાષણ સાંભળવાનો અને રાજકારણ માટે છાપાં-વર્તમાનપત્રો વાંચવાનો અનહદ શોખ હતો. સમય મળે ત્યારે આ બાળક કાં તો સભાઓમાં ભાષણ સાંભળતો હોય કે વાંચનાલયમાં વર્તમાન પત્રો વાંચતો હોય!

રાત્રે પોતે વાંચેલું અને સાંભળેલું માને કહેતો એટલું જ નહીં, ભાષણની નકલ વક્તાના અવાજની મીમીક્રી સાથે માની પાસે કરતો - મા પણ તેને ધ્યાન અને રસથી સાંભળતી અને સલાહ-સૂચન સાથે એને સુધારવા - મઠારવાના પણ પ્રયત્ન કરતી..

આ સામાન્ય બાળક એ મોટો થઇ અમેરિકાનો પ્રમુખ બન્યો. 'જીમી કાર્ટર'..

આ બચપણના સંસ્કાર ને કારણે જ શ્રી કાર્ટર રાજકારણમાં પ્રવીણ તો હતા જ પરંતુ વાક્છટા પણ એમને સંસ્કારમાં મળી હતી.

# મહિલાઓના અવિરત સંઘર્ષની ગાથા

## વિશ્વ મહિલા દિન

**- ડો. ભાવના કમલેશ જોષીપુરા**

સદીઓથી સમાજ માટે અને સમાજ પરિવર્તન માટે પુરૂષો સાથે ખભે ખભો મિલાવી સ્ત્રીઓ લડતી આવી છે. સદીઓ પહેલા પૌરાણિક સમયમાં ગ્રીસમાં યુધ્ધને અટકાવવા માટે લીસી સ્ટ્રાટા નામની સ્ત્રીએ પુરૂષો વિરૂધ્ધ શરીર સુખ નહીં આપવાની હડતાલ પાડી હતી. ફ્રેન્ચ ક્રાંતિ વખતે પેરીશની સ્ત્રીઓ 'સ્વતંત્રતા, સમાનતા, બંધુતા' ના નારા સાથે સ્ત્રીઓને મતાધિકાર આપવા માટે પણ શેરીઓમાં આવી હતી.

૧૮૫૭ ની ૮ માર્ચે અમરિકાની કાપડ સૂતરના મિલોનાં કામ કરતી મજૂર મહિલાઓ પહેલી વાર રસ્તા પર આવી હતી. આ કામદાર સ્ત્રીઓને તંદુરસ્તી જોખમાય તેવા વાતાવરણમાં મિલોમાં ૧૬થી ઘટાડીને ૧૦ કલાક કામ કરવાની માંગણી માટે સંઘર્ષ છેડ્યો એ આ સંઘર્ષમાં તેમને સફળતા મળી.

એ જમાનામાં એટલે કે મૂડીવાદમાં શરૂઆતના તબક્કામાં મત આપવાનો અધિકાર માત્ર મિલ્કત ધરાવનાર પુરૂષોને જ હતો, કામદારોને કે સ્ત્રીઓને મત આપવાનો અધિકાર ન હતો. તેમણે દ્વિતીય કક્ષાના નાગરિકો ગણવામાં આવતા હતા. ઘણી સ્ત્રીઓને લાગતું હતું જો તેમને મત આપવાનો અધિકાર મળે તો સ્ત્રીઓની સ્થિતિ સુધરી શકે. આમ યુરોપ અમેરિકાનાં ઘણાં દેશોમાં સ્ત્રીઓને મતાધિકાર મેળવવા માટે લાંબો સંઘર્ષ આપવો પડ્યો. ૧૮૫૭ માં અમેરિકામાં 'સ્ત્રીઓના મતાધિકારો માટેના રાષ્ટ્રીય સંગઠન'ની સ્થાપના થઇ. ફીનલેન્ડની સ્ત્રીઓને ૧૯૦૬માં અને ઇંગ્લેન્ડની સ્ત્રીઓએ ૧૯૦૭ માં પ્રથમ વખત મતદાન કરવાનો મેળવ્યો.

જર્મનીના ક્રાંતિકારી મહિલા કલેરા ઝેટકીન, કામદાર સ્ત્રીઓનાં આંદોલનના જાણીતા નેતા હતા. આ બધા બનાવોમાંથી પ્રેરણા મેળવી તેમણે ૧૯૧૦માં "આંતરરાષ્ટ્રીય સમાજવાદી મહિલા અધિવેશન" બોલાવ્યું. તેમણે દુનિયાભરની સ્ત્રીઓને યુધ્ધ વિરોધી લડત આપવા અપીલ કરતા કહ્યું, "બહેનો, વિશ્વ શાંતિ આપણને હંમેશા બહુ પ્રિય રહી છે... યુધ્ધની ભીષણતા આપણી વચ્ચે કોઇ દિવાલ ઊભી કરી શકી નથી. કારણ કે આપણી આકાંક્ષાઓ ખૂબ મજબૂત છે... લડાઇના અવાજો, ભાષણબાજી અને જનતાની મૂર્ખતાપૂર્ણ ઉત્તેજનાથી છેતરાયા વગર આપણે બધા દેશોમાં આપણાં સમાજવાદી આદર્શો અને દ્રઢતાપૂર્વક ઊભાં છીએ... જો પુરૂષો મારવાનાં કામમાં વ્યસ્ત છે તો આપણે શાંતિ માટે સંઘર્ષ કરીએ. જો તેઓ ચૂપ બેઠા હોય તો આપણે આપણો સમાજવાદી સંકલ્પનો અવાજ ઉઠાવીએ."

તેમનું સૂત્ર હતું, "સ્ત્રીઓને મતાધિકાર મળશે તો આપણી સમાજવાદ માટેની લડત વધુ મજબૂત બનશે." આ પરિષદમાં તેમણે દુનિયામાં અલગ અલગ દેશોની મહિલાઓ વચ્ચે અમેરિકાની કાપડ-સૂતરની મહિલા કામદારોનાં વિજય સંઘર્ષની યાદ તાજી રાકવા ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલ દિન તરીકે જાહેર કરી ૮ માર્ચ જે જગતના નારી આંદોલનોનાં ઇતિહાસમાં કદી ન ભુલાય એવો દિવસ છે. કારણ કે ૮ માર્ચ અનેક ઐતિહાસિક સંઘર્ષોની યાદ તાજી કરાવે છે. અને ભવિષ્યમાં સંઘર્ષ જારી રાખવાનું બળ આપે છે. આ દિવસ દુનિયાભરની બહેનો ઉજવે છે. આમ ૮ માર્ચનો ઇતિહાસ એ જગતના નારીમુક્તિ આંદોલનનો ઇતિહાસ છે અને મહત્ત્વની વાત એ છે કે આ ઇતિહાસનો ઘડનાર સ્ત્રીઓન્ કોઇ સામ્રાજયની મહારાણીઓ કે સાધનસંપન્ન સ્ત્રીઓ નથી પરંતુ આપણાંમાંથી જ, આપણી આસપાસ રહેતી, રોજરેજો પોતાનું અને ભાવિ પેઢીનું જીવન ટકાવી રાખવા માટે અને તેને બહેતર બનાવવા માટે મહેનત કરતી, સંઘર્ષ કરતી 'સામાન્ય' સ્ત્રીઓ છે. આ ઇતિહાસની તવારીખની શરૂઆત ૧૮૫૭માં થઇ હતી. ૧૯૧૦ ના તે ઐતિહાસિક દિવસથી શરૂ કરીને આજ સુધીનાં નારીમુક્તિ આંદોલનમાં અલગ અલગ તબક્કાઓ દરમિયાન અલગ અલગ માંગમીઓ સાથે ૮ માર્ચનો દિવસ આંતરરાષ્ટ્રીય મહિલાદિન તરીકે વિશ્વભરમાં ઉજવાતો આવ્યો છે.

આ માંગણીઓમાં સ્ત્રીઓ માટે મતાધિકારની લડતથી શરૂ કરીને કામની પરિસ્થિતિ સુધારવા માટેની લડત, વિશ્વ શાંતિ માટે યુધ્ધ વિરોધી લડત, સ્ત્રીઓ પરની હિંસા સામે સલામતી અને સુરક્ષા માટેની લડત, પરદેશી શાસન સામે રાષ્ટ્રીય આઝાદી માટેની લડત, સ્ત્રીઓનાં અધિકારને માનવ અધિકાર તરીકે સ્વીકારવા માટેની લડત, ધર્માંધતા, રૂઢિચુસ્તતા સામેની લડત એમ વિશાળ ફલક પર વિસ્તરતી અનેક લડતોનો સમાવેશ થાય છે. સ્ત્રીઓની તાકાત અને જગતનાં પ્રત્યેક દેશમાં સમાજ પરિવર્તનનાં સંઘર્ષમાં તેમણે આપેલ સહભાગની હકીકત આપણો ઉત્સાહ જરૂર વધારશે.

ઇતિહાસનો ઘટનાક્રમ

વિશ્વમાં નારી આંદોલનની ઐતિહાસિક ઝલક :

◆ ૧૮૭૫ : અમેરિકાની કાપડ-સૂતરની મિલોમાં મહિદા કામદારોએ કામની કલાકો ઘટાડવા અને કામની પરિસ્થિતિ સુધારવા માટે સફળ સંઘર્ષ કર્યો. કામનાં કલાકો ૧૬ થી ઘટીને ૧૦ થયા.

◆ ૧૯૧૦ : કલેરા ઝેટકીને ૮ માર્ચને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે જાહેર કર્યો.

◆ ૧૯૧૭ : રશિયામાં પેટ્રોગાર્ડના સ્ત્રી કામદારોએ 'રોટી, શાંતિ, અને જમીન' માટે હડતાળ પાડી આંદોલનની શરૂઆત કરી. આ તણખાને રશિયન ક્રાંતિની મશાલ પેટાવી અને "ફેબ્રુઆરી ક્રાંતિ"ની શરૂઆત થઇ.

◆ ૧૯૩૭ : સ્પેનની સ્ત્રીઓને ફાંસીની દમનકારી શાસન પધ્ધતિ સામે મોરચો કાઢ્યો.

◆ ૧૯૪૩ : ઇટાલીની સ્ત્રીઓએ ચર્ચ, રસોડું અને બાલમંદિરમાં સ્ત્રીઓને બાંધી રાખવા માંગતા મુસોલીનીના ફાસીવાદનો વિરોધ કર્યો.

◆ ૧૯૪૬ : યુનાઇટેડ નેશન્સ (યુ.નો.) માં માનવ અધિકારોના કમિશન હેઠળ સ્ત્રીઓના સવાલો પ્રત્યે ધ્યાન આપવા માટેનાં પેટા કમિશનની માંગણી સ્વીકારી અને 'સ્ત્રીઓનું સ્થાન' (Status of Women Commission) ની પ્રથમ મિટીંગ થઇ.

◆ ૧૯૪૮ : યુનોની સામાન્ય સભા "માનવ અધિકારોનું જાહેરનામું" સ્વીકારવામાં આવ્યું. જેના આધારે વિશ્વભરમાં માનવ અધિકારો માટેનો સંઘર્ષ વધુ મજબૂત બન્યો.

◆ ૧૯૫૧ : આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (I.L.O) દ્વારા સ્ત્રી અને પુરૂષ કામદારોને સરખું વેતન આપવા અંગેનો ઠરાવ સ્વીકારવામાં આવ્યો.

◆ ૧૯૫૨ : રાજકારણમાં સ્ત્રીઓનાં અધિકારોનો ખરડો યુનો દ્વારા સ્વીકારવામાં આવ્યો.

◆ ૧૯૬૦ : ૨૫ નવેમ્બરના રોજ ડોમીનીકલ રિપબ્લિકમાં સરમુખ્યાર જિલ્લો સામે માથું ઉંચકનાર, રાજકીય કાર્યકર મીરાવલ બહેનોની ક્રૂર હત્યા કરવામાં આવી. ૧૯૮૧થી આ દિવસ સ્ત્રી વિરોધી હિંસા સામેનાં દિવસ તરીકે ઉજવાય છે.

◆ ૧૯૬૧ : લેટીન અમેરિકામાં પેરૂગ્વે દેશમાં સ્ત્રીઓને મતાધિકાર મળ્યો અને લેટિન અમેરિકામાં મતાધિકાર માટેની લડતનો સફળ અંત આવ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૮મી માર્ચ

● મહત્તમ કાવ્ય પેરેડાઇઝ લોસ્ટ, ઓન ધી મોર્નિંગ ઓફ ક્રાઇટ્સ નેટીવીટી, સેમસન એગેનિસ્ટસ જેવા કાવ્યો ઉપરાંત સોનેટ આપનારા પ્રતિભાયુક્ત આંગ્લ કવિ જહોન મિલ્ટનની પુણ્યતિથિ - ૮-૩-૧૬૭૪.

● ૧૮૭૫ - ગાયકવાડના રાજયમાં નવસારી, પ્રાંતમાં બીજી ગુજરાતી શાળા કઠોર ગામે શરૂ થઇ.

● ૧૯૭૨ - પ્રાચીન ભારતીય ઇતિહાસ - સંસ્કૃતિનાં ખ્યાતનામ વિદ્વાન ડો. શિવદત્ત જ્ઞાનીનું અવસાન.

● ૧૫૭૩ - અકબર



સુરત જીતી અમદાવાદ તરફ પાછો ફર્યો.

● ૧૯૧૭ - રશિયા, ૧૯૬૩ સિરિયામાં રાષ્ટ્ર કાંન્તિનાં મંડાણ.

● ૧૯૧૧ - ૧૯મી માર્ચે જર્મની-ડેનમાર્ક-ઓસ્ટ્રીયા સ્વિટ્ઝરલેન્ડમાં પ્રથમ આંતરરાષ્ટ્રીય ઉજવવામાં આવ્યો.




● આંતરરાષ્ટ્રીય મહિલા દિન ૮મી માર્ચે ઉજવાય છે.

# સ્વાસ્થ્ય વીમા ક્ષેત્રે કયો જિલ્લો રાજયમાં અગ્રેસર છે?

### વિષય : વર્તમાન પ્રવાહો

(૧) કન્વિનિયન્ટ એકશનના લેખક કોણ છે?
(અ) શ્રી નરેન્દ્ર મોદી (બ) શ્રી શક્તિસિંહ ગોહિલ
(ક) શ્રી મનમોહનસિંહ (ડ) શ્રી અર્જુન મોઢવાડીયા
(૨) () ના મહાનિર્દેષક અત્યારે કોણ છે?
(અ) બેન. એસ. બનોક (બ) શિવશંકર મેનન
(ક) ડૉ. સુબ્બના અપવાન (ડ) ડૉ. મંગલા રાય
(૩) વિશ્વનું સૌપ્રથમ કૃત્રિમ વિમાની ઇંધણ કયા દેશે બનાવયું છે?
(અ) દક્ષિણ આફ્રિકા (બ) રશિયા (ક) ચીન (ડ) અમેરિકા
(૪) બોલીવુડના કયા નિર્દેશકને સ્વિત્ઝરલેન્ડ સરકારે ૨૦૧૦ના સ્વીસ એમ્બેસેડર પુરસ્કારથી સન્માનિત કર્યાં છે?
(અ) યશ ચોપડા (બ) કરણ જોહર
(ક) જુલિયન રોબર્ટ (ડ) એક પણ નહીં
(૫) રૈવતક તરીકે કયો પર્વત ઓળખાય છે?
(અ) અંબાજી (બ) પાવાગઢ
(ક) ગિરનાર (ડ) ચોટીલા
(૬) વિશ્વકક્ષાનો મેરીટાઇમ પાર્ક કયા જિલ્લામાં સ્થપાશે?
(અ) વડોદરા (બ) અમદાવાદ (ક) સુરત (ડ) ભરૂચ
(૭) સ્વાસ્થ્ય વીમા ક્ષેત્રે કયો જિલ્લો રાજયમાં અગ્રેસર છે?
(અ) મહેસાણા (બ) વાત્રક (ક) વડોદરા (ડ) ખેડા
(૮) તાજેતરમાં કઇ યુનિવર્સિટીની રજતજયંતિ વર્ષની ઉજવણી કરવામાં આવેલ છે?
(અ) ગુજરાત યુનિવર્સિટી (બ) વડોદરા યુનિવર્સિટી
(ક) રાજકોટ યુનિવર્સિટી (ડ) હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિવર્સિટી
(૯) વાઈબ્રન્ટ વાઈલ્ડ લાઈફ પુસ્તક શેને લગતું છે?
(અ) કાયદા (બ) ખોરાક
(ક) ગુજરાતની વન્યસૃષ્ટિની જાણકારી (ડ) ઉપરોક્ત એક પણ નહીં
(૧૦) સમગ્ર દેશમાં સૌથી વધારે (૦) કરનાર કોણ પ્રથમ ક્રમે રહેલ છે?
(અ) ટાટા (બ) પાવર ગ્રીડ
(ક) મારૂતિ ઉદ્યોગ (ડ) વિપ્રો ઈન્ડસ્ટીઝ
(૧૧) 'આધી રાત કા સચ' ના લેખક કોણ છે?
(અ) કપિલદેવ (બ) સચિન તેન્ડુલકર
(ક) મહેન્દ્રસિંહ ધોની (ડ) વિજય મનોહર તિવારી
(૧૨) કયા ભારતીય ઉદ્યોગપતિને એશિયા સોસાયટી તરફથી અપાતા 'ગ્લોબલ વિઝન એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યો છે?
(અ) રતન ટાટા (બ) અનિલ અંબાણી
(ક) સુનિલ ભારતી મિત્તલ (ડ) મુકેશ અંબાણી
(૧૩) હાલના ગુજરાતનો મધ્ય અને દક્ષિણનો ભાગ કયા નામથી ઓળખાય છે?
(અ) આનર્ત (બ) સૌરાષ્ટ્ર (ક) લાટ (ડ) ગુજરાત
(૧૪) વિશ્વમાં મેગેનીંઝ અને બોકસાઈટના જથ્થામાં ભારત કયાં નંબરે આવે છે?
(અ) વીસમા (બ) નવમા (ક) ત્રીજા (ડ) ચોથા
(૧૫) ધારાસભ્યને કેટલા સમય માટે ગૃહમાં સતત ગેરહાજર રહે તો ગેરલાયક ઠરે છે?
(અ) ૧૦૦ દિવસ (બ) ૧૨૦ દિવસ (ક) ૬૦ દિવસ (ડ) ૯૦ દિવસ




### ● વિવિધા ●

વિષય :- વિશ્વની અજાયબીઓ

**(૧) પ્રાચીન અજાયબીઓ :**

● પિરામીડ : **(ઇજિપ્ત)** ● એલેક્ઝાંન્ડ્રીયાની દિવાદાંડી : **(ઇજિપ્ત)** ● ઝૂલતા બગીચા : **(બેબિલોન)** ● જયુપીટરનું પૂતળું : **(ગ્રીસ)** ● માઉસોલસની કબર : **(તૂર્કી)** ● દેવી ડાયેનાનું દેવળ : **(તૂર્કસ્તાન)** ● રોડઝ કોલોસસની વિશાળ ભૂમિ : **(ભૂમધ્ય સમૂદ્રની પૂર્વમાં)**

**(૨) મધ્યકાલીન અજાયબીઓ :**

● કોલોઝિયમ (સભાગૃહ) : **(રોમ)** ● ચીનની દિવાલ : **(ચીન)** ● ચિનાઈ માટીનો ટાવર : **(ચીન)** ● સેન્ટ સોફિયાનું ચર્ચ : **(ઇસ્તંબૂલ)** ● પિઝાનો ઢળતો મિનારો : **(ઇટલી)** ● આગ્રાનો તાજમહેલ : **(ભારત)** ● મડદા દાટવાના ભોંયરાં : **(રોમ)**

**(૩) અર્વાચીન અજાયબીઓ :**

● એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ : **(ન્યૂયોર્ક)** ● પનામા નહેર : **(મધ્ય અમેરિકા)** ● ભૂગર્ભ રેલ્વે : **(લંડન)** ● પુલ : **(સેન ફ્રાંસીસ્કો)** ● આસ્વાન બંધ : **(ઇજિપ્ત)** ● વોશિંગ્ટન સ્મારક : **(વોશિંગ્ટન)** ● એફિલ ટાવર : **(પેરીસ)** ● ઇંગ્લેન્ડ અને ફ્રાન્સને જોડતી ટનલ : **(ઇંગ્લીશ ચેનલ)** ● સ્વાતંત્ર્ય : **(ન્યૂયોર્ક)**

### ● ગયા સપ્તાહનો સવાલ...?

સવાલ - ભારતના હાલના રેલ્વે પ્રધાન કોણ છે?
જવાબ - પવનકુમાર બંસલ

### ● સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી
(૩) ઋજિત રાવલ : સે-૭ડી
(૪) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૬) જયેન્દ્રપ્રસાદ એન. પાઠક : ઈન્ફોસીટી જુ.સા.કૉલેજ
(૭) ગોમતીબેન કનુભાઇ પરમાર : ૧૭૫૭/૨, સે-૨ડી
(૮) જયરાજસિંહ/હરેન્દ્રસિંહ જાદવ : સે-૩૦

### ● પૂછું એક સવાલ...?

(૧) શાહ માર્ગી એન. : સે-૨૦થી
પ્રશ્ન - વિશ્વની સૌથી પ્રાચીન રાજધાની કઈ?
જવાબ - દમાસ્ક, સિરીયા
(૨) પટેલ ધવલ એચ. : સે-૨૨થી
પ્રશ્ન - કવિ વલ્લાથોળ કઇ ભાષાનાં કવિ હતા?
જવાબ - મલયામલ
(૩) પ્રજાપતિ નિકુંજ ડી. : સે-૩થી
પ્રશ્ન - 'વૉર એન્ડ પીસ' પુસ્તકનાં લેખક કોણ છે?
જવાબ - લિયો ટોલ્સટોય

(અનુસંધાન પાના નં. ૬ પર)

## ભરોસાનો ભાર

૧૫મી ઓગસ્ટ - ૧૯૪૭ - આ દિવસે આપણે દેશ આઝાદ થયો. એ પહેલાં આપણા દેશ ઉપર અંગ્રેજો રાજ કરતાં હતા. તે ઉપરાંત દેશમાં નાના-મોટાં રજવાડાં પણ હતાં. એ રજવાડાં પર જેનો કાબૂ હોય તેને રાજા કહેવાય. રાજાને રાજકાજમાં મદદ કરે તેને દિવાન કહેવાય.

આઝાદી પહેલાં ભાવનગરનું એક અલગ રાજ હતું. તે રાજના દિવાન હતાં પ્રભાશંકર પટ્ટણી.

એકવાર તેઓ બહારગામ ગયા. થોડા દિવસ પછી ભાવનગર આવ્યા. ખબર પડી કે ઘરમાંથી ઘરેણાંની ચોરી થઇ ગઇ છે. જો કે પોલીસને એક નોકર પર શંકા ગઇ. તેથી તેને જેલમાં પૂરી દીધો હતો.




પટ્ટણી સાહેબે ઘરની નોકરડીને બોલાવી. એણે સાચું કહી દીધું કે ઘરેણાં મારા ધણીએ જ લીધાં છે. એનો પતિ એ પેલો જેલમાં પુરાયેલો નોકર.

પટ્ટણી સાહેબે ફોજદારને હુકમ કર્યો. પેલા નોકરને જેલમાંથી બહાર કાઢીને મારી સામે હાજર કરો.

દોરડાંથી બંધાયેલો નોકર હાજર થયો. પછી પટ્ટણી સાહેબે કહ્યું : 'આને છોડી મૂકો. આ તો વરસોથી મારો વફાદાર નોકર છે. મારા ઘરમાંથી એ ચોરી કરે જ નહીં.' પોલીસે દોરડાં છોડીને એને છૂટો કર્યો.

બધાં પોતપોતાનાં કામે વળગ્યાં. ત્યારે પટ્ટણીસાહેબે પેલા નોકરને બોલાવ્યો. તેને પોતાના કબાટની ચાવી આપીને કહ્યું, "એમાં મારા પૈસાનું પાકીટ મેલી દે."

નોકરને નવાઇ લાગી : સાહેબ, હજી મારો ભરોસો રાખે છે?' એ રડી પડ્યો. પટ્ટણી સાહેબને પગે પડ્યો, "સાહેબ, મેં જ ઘરેણાં લીધાં છે, મને માફ કરો. હું અબઘડી ઘરેણાં લાવી દઉં છું. તમે મારા પર ભરોસો મૂકો છો! હવે હું કોઇ દિ' આવી ભૂલ નહીં કરૂં. મને માફ કરો."

નોકરની આંખમાંથી આંસુ વહેતાં હતાં. પટ્ટણીસાહેબે એના ખભે હાથ મુકીને કહ્યું, "તારાથી ચોરી કરવાની ભૂલ થઇ ગઇ છે. એનું તને દુઃખ થાય છે ને તને? બસ, હે તું કયારેક ચોરી નહીં કરે તેની મને ખાત્રી છે."

નોકરને ખભે હાથ મુકીને પટ્ટણી સાહેબે થોડા રૂપિયા આપ્યા. "લે, જરૂર પડે એમ વાપરજે. અને ખોટું બોલતો નહીં!" નોકર પટ્ટણી સાહેબનાં પગમાં પડી ગયો."

## બાળ મિત્રો,

તમે નાનકડા છો. પણ નાના છો એમ માનીને હાથ વાળીને બેસી રહેતા નહીં. કેટલીક વાર નાનકડી વાત કે નાનકડું કામ બહુ મોટું ફળ આપી શકે છે.

જેમ કે,

- એક સરસ મજાનું નાનકડું ગીત રાજી કરી મૂકે,
- એક વૃક્ષ ધીમે ધીમે જંગલ ઊભું કરે,
- એક સ્મિત મિત્રો બનાવે
- એક તારો નાવને સાગરમાં દિશા આપી શકે.
- એક સૂર્યકિરણ આખ્ખો ઓરડો ઉજાળે
- એક હાસ્ય ઉદાસીનતા દૂર કરે
- એક દીપક અંધારૂં દૂર કરી શકે.

પણ આ બધાનો આધાર તમારા ઉપર છે. કે તેમ કેવી ઇચ્છા કરો છો કે કેવી રીતે વર્તો છો. તો કરો એક સંકલ્પ

- મનગમતું કામ કરવાનો. અને દૃઢપણે મંડી પડો. પછી જીત તમારી જ છે.

●●●●●●

મમ્મી! ફળિયાની જાંબુડી પર જોને બોલે મેના...
ઘરમાં કલબલ કલબલ કરતી એક આપણી બેના...
ઊડાઊડ કરીને મેના ચારે બાજુ જુએ
બેના જોડે, પડે આખડે એ એ એ એએ કએ
વાતે વાતે બોલે એ તો હે ના... પછી... છે ના...
નવું નવું વા-વા પહેરીને દોડે, ધૂળ ઉડાડે
ખિસકોલીને ફેરફુદરડી રમવા બૂમો પાડે
હસે મોગરો, હસે ચમેલી, તનમનિયાં ને કેના...
રંગબિરંગી પતંગિયાને જોઇ - જોઇ મલકાય
સાદ પાડતાં બોલાવે પણ કોઇ ના પાસે જાય
તારે ખોળે પડે રીસથી, કારણ કશું કહે ના....
મમ્મી! ફળિયાની જાંબુડી પર જેનો, બોલે મેના...

**- મનોહર ત્રિવેદી**